# Visit of Federal Minister for Foreign Affairs of the Federal Republic of Germany to India (December 05-06, 2022)

# ફેડરલ ગણરાજ્ય જર્મનીનાં વિદેશી બાબતો માટેનાં ફેડરલ મંત્રીની ભારતની મુલાકાત (05-06 ડીસેમ્બર, 2022)

01 ડીસેમ્બર, 2022

ફેડરલ ગણરાજ્ય જર્મનીનાં વિદેશી બાબતો માટેનાં ફેડરલ મંત્રી શ્રીમતિ એનાલેના બાએરબોક 05-06 ડીસેમ્બર 2022 નાં રોજ ભારતની અધિકૃત મુલાકાત લેશે.

2. નવી દિલ્હીમાં તેણીનાં રોકાણ દરમિયાન, શ્રીમતિ બાએરબોકનાં 05 ડીસેમ્બર 2022 નાં રોજ દ્વિપક્ષીય વાર્તાલાપો માટે ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર યજમાન બનશે. બન્ને મંત્રીઓ પારસ્પરિક હિતનાં દ્વિપક્ષીય, પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચાઓ યોજશે.

3. વ્યૂહાત્મક ભાગીદારો તરીકે, ભારત અને જર્મની સમાન મૂલ્યો અને સરખા ધ્યેયોથી સુદૃઢ થયેલ દીર્ઘકાલીન સંબંધ ધરાવે છે. 2021 માં, રાજદ્વારી સંબંધોની સ્થાપનાનાં સીત્તેર વર્ષને યાદગાર બનાવવામાં આવ્યા હતા. આ વર્ષે 6ઠ્ઠા ભારત-જર્મની આંતર-સરકારી પરામર્શો માટે 02 મે 2022 નાં રોજ વડાપ્રધાનની બર્લિનની મુલાકાત, અને ત્યારબાદ ચાન્સેલર સ્કોલ્ઝનાં આમંત્રણ પર G7 શિખર સંમેલન માટે ભાગીદાર દેશ તરીકે સ્કલોઝ એલ્માઉની વડાપ્રધાનની મુલાકાત સહિત ભારત અને જર્મની વચ્ચે કેટલીક ઉચ્ચ-સ્તરીય સામેલગીરીઓ જોવા મળી છે.

**નવી દિલ્હી**
**01 ડીસેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.